ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા)
નિયમો,૨૦૦૯ અન્વયે **'અનુસૂચિ-ગ'**
અધતન બનાવવા મંગાવેલ માહિતી
મોકલવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાકઃ પગર-૧૦૨૦૧૫-૯૯-પગાર એકમ (મ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯-૧૦-૨૦૧૫

(૧) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૮) પગર-૧૦૦૯-૨-પગાર એકમ(મ) તા.૨૯-૦૨-૨૦૦૯
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાકઃ પગર-૧૦૦૯-૩૨-પગાર એકમ(મ) તા.૨૨-૦૪-૨૦૦૯
(3) નાણાવિભાગના ઠરાવ ક્રમાકઃ પગર-૧૦૨૦૧૩-૮૬-પગાર એકમ(મ) તા.૦૮-૦૮-૨૦13
(૪) નાણા વિભાગના પરિપત્ર ક્રમાકઃ પગર-૧૦૨૦૧૪-૮૮-પગાર એકમ(મ) તા.૨૯-૦૫-૨૦૧૪

આમુખ:

નાણા વિભાગના તા.૨૨-૦૪-૨૦૦૯ના ઠરાવ ક્રમાકઃ પગર-૧૦૦૯-૩૨-પગાર એકમ(મ)થી સચિવાલયના સર્વે વિભાગોને તા.૦૧-૦૧-૨૦૦૬ પછી વિભાગ કે વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની/ કચેરીના મહેકમ,નામાભિધાન, પગાર ધોરણ વગેરે બાબતમાં કોઇ ફેરફાર થયેલ તો તેની વિગતો જરૂરી આધાર સાથે સંકલિત માહિતી સ્વરૂપે મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. તે સંદર્ભે નાણા વિભાગ દ્વારા વખતો વખત ઉચ્ચ કક્ષાએ અ.સ.પત્રો તથા સ્મૃતિ પત્રો પાઠવવા આવેલ હતાં. છતાં વહિવટી વિભાગો દ્વારા માહિતી મોકલવામાં આવેલ નથી જેના કારણે જે તે સંવર્ગોનો અનુસુચિ-ગ માં યોગ્ય ફેરફાર કરી શકાયેલ નથી, તેથી અદ્યતન બનાવી શકાયેલ નથી.

હવે,કેન્દ્રીય સાતમા પગારપંચની રચના થયા બાદ ટૂંક સમયમાં તેનો અહેવાલ રજુ થનાર હોવાથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ની અનુસુચિ-ગ માં જરૂરી સુધારા કરી તેને અદ્યતન બનાવવાની કાર્યવાહી હાથ ધરવાની રહે છે. આ બાબતે ધ્યાને રાખી સઘન વિચારણાને અંતે નીચે મુજબની સુચના પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પરિપત્ર</u>

૧. નાણા વિભાગના જાહેરનામાં ક્રમાંક:(જીએન-૮) પગર-૧૦૦૯-૨-પગારએકમ(મ), તા.૨૭-૦૨-૨૦૦૯થી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ તા.૦૧-૦૧-૨૦૦૬થી અમલમાં આવેલ છે. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો,૨૦૦૯ની અનુસુચિ-ગ માં પાંચમાં પગારપંચ મુજબના પગાર ધોરણો સામે છઠ્ઠા પગાર પંચની ભલામણો અનુસાર સુધારેલ પગાર માળખું (પે-બેન્ડ તથા ગ્રેડ-પે) દર્શાવેલ છે. ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ની અનુસુચિ-ગ માં દર્શાવેલ ન હોય તેવી જગ્યાઓને સંદર્ભ ક્રમાંક: (૧) ના નાણા વિભાગના જાહેરનામાં ની અનુસુચિમાં દર્શાવેલ સુધારેલ અનુરૂપ પગાર માળખું <u>"સ્કેલ ટુ સ્કેલ"</u> ના ધોરણે લાગુ પાડવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારના વહીવટી તંત્રની દરેક કચેરીઓમાં મંજુર થયેલ જગ્યાઓના નામ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળની અનુસુચિ-ગ માં ઉમેરવા/રદ કરવા/ફેરફાર કરવા/બદલવા અંગે, સંબધિત વિભાગોએ, તે જગ્યા અસ્તિત્વમાં આવી હોય, જગ્યાનું નામાભિધાન બદલાયેલ હોય તે અંગેના મુળ કાગળો/રેકર્ડ સાથે, ભરતી નિયમો, કચેરીનું વહીવટી માળખું દર્શાવી, નાણા વિભાગને દરખાસ્ત કરવાની સુચના આમુખમાં દર્શાવેલ તા.૨૨-૪-૨૦૦૯ના ઠરાવથી આપેલ છે. તદુપરાંત આમુખમાં દર્શાવેલ નાણા વિભાગના તા.૦૮-૦૮-૨૦૧૩ના પરિપત્રથી આ હેતુસર ચેકલીસ્ટ તૈયાર કરી તે મુજબ દરખાસ્ત રજુ કરવા સર્વે વહીવટી વિભાગોને વિનંતી કરેલ છે. તેમજ આ વિભાગના તા.૨૯/૦૫/૨૦૧૪ ના પરિપત્રથી તેમજ ઉક્ત બાબતે નાણા વિભાગ દ્વારા વખતો વખત અ.સ.પત્રો દ્વારા સર્વે વહિવટી વિભાગોને તેમના નિયંત્રણ હેઠળની ખાતાના વડા /કચેરી ના મહેકમ,નામાભિધાન,પગાર ધોરણ વિગેરે બાબતોમાં થયેલ ફેરફાર બાબતે જરૂરી સંકલીત વિગતો મોકલી આપવા સૂચવેલ હતું તેમ છતાં વહિવટી વિભાગો તરફથી ઉક્ત માહિતી મળેલ નથી. આ અંગે સચિવાલયના વહીવટી વિભાગ, ખાતાના વડા, કચેરીમાં પણ વહીવટી સુધારાને કારણે જે કોઇ ફેરફાર બદલ હોય તે ધ્યાનમાં લઇ નાણા વિભાગના તા-૦૮-૦૮-૨૦૧૩ના પરિપત્ર સાથેના ચેકલીસ્ટ મુજબની જરૂરી દરખાસ્ત કરવા પુન: જણાવવામાં આવે છે. <u>આ બાબતને ટોચ-અગ્રતા આપી આ માહિતી તા.૩૧/૧૦/૨૦૧૫ સુધીમાં અત્રે મોકલવા પુન:વિનંતી કરવામાં આવે છે.</u>

૩. <u>ઉપર મુજબ ની પ્રમાણેની દરખાસ્ત સમય મર્યાદામાં નહીં થવાને પરિણામે, સંબંધિત કર્મચારીઓને પગાર/પેન્શન નિયત કરવામાં/ચુકવણી કરવામાં મુશ્કેલી પડશે તો તેની જવાબદારી સંબંધિત વહીવટી વિભાગની રહેશે.</u>

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.ડી સેઇલર)
સંયુકત સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

O માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

O માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,

O સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય. ગાંધીનગર.

O સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

O સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

O રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

O સચિવશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

O સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ. ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ

સીનીયર એકાઉન્ટ જનરલશ્રી, (૨) (એ. એન્ડ ઇ.) અમદાવાદ/રાજકોટ,

સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ / કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

હિસાબી અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર

પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા

નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી તપાસણી અધિકારી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ

સર્વે માન્ય મંડળો.

નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ.

પસંદગી ફાઇલ નાણા વિભાગ- મ, ચ, પી અને ઝ શાખાઓ.

-----------------------------------------

O પત્ર દ્વારા.